# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોંએ આજે ફ્રાન્સના માર્સે શહેરમાં પ્રથમ ભારતીય દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું.
2) પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં આજે માઘ પૂર્ણિમાનાં અવસરે આશરે બે કરોડ શ્રધ્ધાળુઓએ પવિત્ર ડૂબકી લગાવી
3) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે સહકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર સર્જન અને સમૃદ્ધિ બંને શક્ય છે.
**4)** વિશ્વ રેડિયો દિવસની પૂર્વસંધ્યાએ આજે આકાશવાણી દિલ્હી ખાતે "રાગ રેડિયો રંગ રેડિયો" કાર્યક્રમ યોજાયો.

**5)** અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ત્રીજી મેચમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા માટે 357 રનનો લક્ષ્યાંક આપ્યો.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MARSEILLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને આજે ફ્રાંસના માર્સે શહેરમાં પ્રથમ ભારતીય દૂતાવાસનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું.

આજે સવારે બંને નેતાઓએ શહેરમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરી હતી. તેમણે પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનારા ભારતીય સૈનિકોને મઝારગ્યુસ યુદ્ધ કબ્રસ્તાન ખાતે શ્રદ્ધાંજલિ પણ આપી હતી. રાષ્ટ્રમંડળ યુદ્ધ કબર આયોગ દ્વારા સંચાલિત આ કબ્રસ્તાનમાં એક હજાર સાતસોથી વધુ સૈનિકોની કબર આવેલી છે. સૈનિકોની સેવાના સન્માનમાં 1925માં અહીં સૌપ્રથમ એક ભારતીય સ્મારકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શ્રી મોદી અને શ્રી મેક્રો પેરિસમાં ઉચ્ચ-સ્તરીય કાર્યક્રમોની શ્રેણી પૂર્ણ કર્યા પછી આજે સવારે માર્સે પહોંચ્યા હતા. માર્સેમાં તેમના આગમન પર ભારતીય સમુદાય દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

બંને નેતાઓ ભારત અને ફ્રાન્સના સમાવેશવાળા એક મુખ્ય વૈશ્વિક પહેલ એવા આંતરરાષ્ટ્રીય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રિએક્ટર પ્રોજેક્ટની પણ મુલાકાત લીધી હતી. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ટકાઉ વિકાસ માટે પરમાણુ ઊર્જાનો ઉપયોગ કરવાનો છે, જે સ્વચ્છ ઊર્જા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આજે ફ્રાન્સની મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી મોદી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર બે દિવસની અમેરિકા મુલાકાત પર રવાના થયા છે.

. . . . . . . . . . . . . . .

# VP-MALDIVES DELEGATION

માલદીવ પીપલ્સ મજલિસના અધ્યક્ષ અબ્દુલ રહીમ અબ્દુલ્લાના નેતૃત્વમાં માલદીવના એક સંસદીય પ્રતિનિધિમંડળે આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન ભારત અને માલદીવ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ બંને દેશો વચ્ચે સંસદીય આદાનપ્રદાન અને લોકો વચ્ચેના સંપર્કો અંગે પણ ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - MAGH PURNIMA SNAN

પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં માઘ પૂર્ણિમા નિમિત્તે આજે બે કરોડથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી છે. આ દિવસે ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર સ્નાન કરવું શુભ માનવામાં આવે છે. તે કલ્પવાસ કરવાની ખાસ વિધિની પૂર્ણાહુતિ દર્શાવે છે. આ ભવ્ય ઉત્સવમાં ૧૦ લાખથી વધુ કલ્પવાસીઓ ભાગ લઈ રહ્યા છે. અત્યાર સુધીમાં લગભગ 47 કરોડ 55 લાખ ભક્તોએ સ્નાન કર્યું છે. વિશ્વનો સૌથી મોટો ધાર્મિક કાર્યક્રમ મહા કુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી શરૂ થયો હતો. દુનિયાભરમાંથી ભક્તો અહીં આવી રહ્યા છે.

ઉત્તરપ્રદેશ સરકારે આ પ્રસંગે ખાસ ટ્રાફિક વ્યવસ્થા તેમજ મજબૂત સુરક્ષા વ્યવસ્થા કરી છે.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે સહકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર સર્જન અને સમૃદ્ધિ બંને શક્ય છે.

નવી દિલ્હીમાં સહકાર મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની પ્રથમ બેઠકમાં બોલતા શ્રી શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોના કલ્યાણ માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી હતી અને "સહકાર દ્વારા સમૃદ્ધિ"નો મંત્ર આપ્યો હતો

શ્રી શાહે જણાવ્યું હતું કે, સરકાર તમામ રાજ્યોમાં સમાન અને સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે ખાસ પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ વિકસાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે, આ સાથે દેશભરની સહકારી મંડળીઓની માહિતી એક ક્લિક પર ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓના કોમ્પ્યુટરાઇઝેશન માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે નજીકના ભવિષ્યમાં, દેશની દરેક પંચાયતમાં આ લોન સમિતિઓ હશે જેના દ્વારા ટૂંક સમયમાં એરલાઇન ટિકિટ પણ વેચવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# RAVIDAS JAYANTI

આજે દેશભરમાં સંત રવિદાસની જન્મજયંતિ ઉજવવામાં આવી રહી છે. તેઓ 14મી સદીના એક મહાન સંત હતા. તેમના અનુયાયીઓ દર વર્ષે માઘી પૂર્ણિમાના રોજ વારાણસીના સીર ગોવર્ધનપુરમાં શ્રી ગુરુ રવિદાસ જન્મસ્થાન મંદિરમાં તેમની જન્મજયંતિ ઉજવવા માટે ભેગા થાય છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરુ રવિદાસની જન્મજયંતિ પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયામાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુરુ રવિદાસજીએ માનવતાની સેવાને પોતાનું લક્ષ્ય બનાવ્યું હતું. તેમણે કહ્યું કે, તેઓ ધર્મ અને જાતિના આધારે ભેદભાવ દૂર કરવા અને સમાજમાં એકતા લાવવા માટે સમર્પિત રહ્યા.

રાષ્ટ્રપતિ મુર્મુએ દરેકને ગુરુ રવિદાસજીના ઉપદેશોને અપનાવવા અને સમૃદ્ધ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવાનું ચાલુ રાખવા હાકલ કરી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# WORLD RADIO DAY

વિશ્વ રેડિયો દિવસની પૂર્વસંધ્યાએ આજે આકાશવાણી દિલ્હીના પંડિત રવિશંકર સ્ટુડિયો ખાતે 'રાગ રેડિયો રંગ રેડિયો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પેનલ ચર્ચાઓ યોજાઈ હતી. જેમાં રંગમંચ અને ફિલ્મ કલાકાર યોગેન્દ્ર ટીકુ, શાસ્ત્રીય સંગીત ગાયિકા સીતા વસંત લક્ષ્મી અને રેડિયો સંવાદ લેખક ડૉ. સુભાષ ચંદ્રા, રેડિયો જોકી રીતુ રોય અને આકાશવાણીના ભૂતપૂર્વ અધિક મહાનિર્દેશક યોગેન્દ્ર પાલ ઉપસ્થિત રહ્યા હતા. ટકાઉ વિકાસ માટે ડિજિટલ રેડિયો વિષય પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આકાશવાણીના મહાનિયામક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌડે મહેમાનોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે મહેમાનોએ તેમની કલા દ્વારા રેડિયોના વારસાને આગળ ધપાવ્યો છે.

(બાઇટ - ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌડે, મહાનિયામક આકાશવાણી)

. . . . . . . . . . . . . . . .

# WB-AVIJIT MUKHERJEE CONGRESS

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અવિજીત મુખર્જી તૃણમૂલ કોંગ્રેસ છોડીને આજે કોંગ્રેસમાં જોડાયા છે. આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુશ્રી મમતા બેનર્જી ત્રીજી વખત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી બન્યા બાદ અવિજીત મુખર્જી 2021માં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . .

# MADRAS COURT-ECI

મદ્રાસ વડી અદાલતે A.I.A.D.M.K. ના આંતરિક મતભેદોની તપાસ કરવા માટે ચૂંટણી પંચ પર લાદવામાં આવેલ પ્રતિબંધ હટાવી લીધો છે. ન્યાયમૂર્તિ આર. સુબ્રમણ્યમ અને જી. અરુલ મુરુગનની ખંડપીઠે ચૂંટણી પંચ સત્તામંડળને પડકારતી અરજીને ફગાવી દીધી છે.

અદાલતે ચૂંટણી પંચને ચૂંટણી પ્રતીક આદેશ, ૧૯૬૮ ની કલમ ૧૫ હેઠળ કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. આ જોગવાઈ હેઠળ ચૂંટણી પંચને પક્ષના કોઈપણ જૂથને સત્તાવાર માન્યતા આપવાની સત્તા આપવામાં આવી છે. જોકે અદાલતે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચે નિર્ણય લેતા પહેલા વિવાદના ગુણદોષની ખાતરી કરવી જોઈએ.

ચૂંટણી પંચ સમક્ષ આ મુદ્દો ઉઠાવનારાઓમાં તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓ. પન્નીરસેલ્વમના પુત્ર પી. રવિન્દ્રનાથ અને A.I.A.D.M.K માંથી હાંકી કાઢવામાં આવ્યા કે.સી. પ્લનિસામી અને વાપુગાઝેન્ડીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# CRICKET MATCH

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ત્રણ મેચની વન-ડે શ્રેણીની ત્રીજી મેચમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા માટે 357 રનનો લક્ષ્યાંક આપ્યો છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 29.1 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 173 રન કર્યા છે.

અગાઉ ઇંગલેન્ડે ટોસ જીતીને ભારતને બેટિંગ આપી હતી. શુભમન ગિલે 112, શ્રેયસ ઐયરે 78, વિરાટ કોહલીએ 52 અને કે એલ રાહુલે 40 રન કર્યા હતા. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી આદિલ રાશીદે ચાર વિકેટ ઝડપી હતી.

. . . . . . . . . . . . . . .

# WB BUDGETS

પશ્ચિમ બંગાળના નાણામંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ આજે રાજ્ય વિધાનસભામાં અંદાજપત્ર  રજૂ કર્યું. ગૃહમાં રજૂ કરાયેલા અંદાજપત્રમાં સરકારે કહ્યું છે કે પશ્ચિમ બંગાળનો કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદન - GSDP 18 લાખ કરોડ રૂપિયાને વટાવી ગયો છે. બજેટમાં રાજ્યની મહેસૂલ ખાધ 35 હજાર 314 કરોડ રૂપિયા જણાવવામાં આવી છે.

અંદાજપત્રમાં પથશ્રી યોજના હેઠળ રસ્તાઓના વિકાસ માટે એક હજાર પાંચસો કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. 4.75 કિલોમીટર લાંબા ગંગાસાગર પુલ માટે 500 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નદી કિનારે રહેતા લોકો માટે નદી બંધન નામની એક નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. નદી કિનારાના ધોવાણને રોકવા માટે 200 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આશા અને આંગણવાડી કાર્યકરોને મોબાઇલ ફોન પૂરા પાડવા માટે 200 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

દરમ્યાન ભારતીય જનતા પાર્ટીએ અંદાજપત્રની ટીકા કરતા કહ્યું કે તેમાં રોજગાર માટેની કોઈ જોગવાઈ નથી.

. . . . . . . . . . . . . . .